ચૈત્રી સંવત્

૧૯૬૬નું ભવિષ્ય.

પ્રયોજક,

એક જ્યોતિષી.

પ્રકાશક,

“ રાજસ્થાન ” પત્રની ઓફીસ;

અમદાવાદ.

સંવત ૧૯૬૫ સને ૧૯૦૯

પ્રત ૫૦૦૦

શ્રી “ નટવર ” પ્રિન્ટિંગ પ્રેસ—અમદાવાદ.

મૂલ્ય દોઢ આનો.

ચૈત્રી સંવત્

૧૯૬૬ નું ભવિષ્ય.

---:o:---

સંવત્ ૧૯૬૬ ને માટે ભવાની વાક્ય.

छाया करे छासटो, परजा करे उछाह,
राजाकी रोजी बढे, सोरा होसी साह;
अन्न सारा मूंगा होवे वस्ती होसी राह,
साख सलोंभी नीपजे कहींक टीडी खाय.

દુર્મતિ સંવત્સર—વરસાદ સાધારણ શ્રેષ્ઠ, ખેતીની વૃદ્ધિ, ધાન્યનો ભાવ મન્દ, કંઇક ચોરનો ઉપદ્રવ, શત્રુઓ જીતવાથી રાજાઓમાં યુદ્ધની ઇચ્છા, પ્રજામાં સ્ત્રી, પુત્રાદિથી પ્રેમ અને આનંદની વૃદ્ધિ થશે. ગયા 'રૌદ્ર-સંવત્સર'માં દુર્ભિક્ષ—દુકાળના કષ્ટથી જે લોકો વિદેશ ગયા હતા તેઓ પાછા સ્વદેશમાં આવશે અને નવાં નામો પણ આ સંવત્સરમાં વસશે. સૂંઠ, મરચું, પીંપર આદિ સઘળું કરિયાણું તથા ઔષધનો સંગ્રહ કરવાથી લાભ અને ધાન્યનો સંગ્રહ કરવાથી હાનિ થશે.

ચૈત્ર માસ. સં. ૧૯૬૬.

ચૈત્ર સુદિ ૧—તા. ૨૨-૩-૦૯—સોમવાર, આ વર્ષમાં વરસાદ, ખેતી, અને ઘાસ અધિક થશે; જમીનદાર સુખી; પશ્ચિમમાં ભય; વ્યાપારીઓને લાભ; પવન ઘણા જોરથી વાશે કે જેથી અનેક વૃક્ષો પડી જશે; દુધ દહીં ઘણું; મોટાં મોટાં પ્રતિષ્ઠિત કુટુમ્બોના કોર્ટોમાં મુકર્દમા બહુ મંડાશે. અને તેથી વકીલ—બારીસ્ટરોને વિશેષ લાભ થશે.

ચૈત્ર સુદિ ૨ તા ૨૩-૩-૦૯—મંગળવાર અને મીન રાશિનો ચંદ્રોદય: આ પક્ષમાં ધાન્યમાં કાંઇક મંદી; પ્રજા સુખી; અને આવરેજની દિવસે દિવસે મંદી આવશે. મીનનો શુક્ર, દિવસ ૨૫ માં રૂની તેજી; ધાન્યની મંદી અને લોક સુખી થશે. અફીણ, ચાંદી અને રૂમાં વધઘટ થશે.

(ક્વાર્ટર પ્લેટ) કાર્ડ સાઈઝ ૪I × ૩I

કીંમત માત્ર રૂ. ૩.

ફોટોગ્રાફ પાડવાના

છુપા કેમેરા.

ગમે તે માણુસની તસ્બીર ગમે તે શખ્સ તે ધણીને ખબર પડવા દીધા વિના પણ આ કેમેરામાં ફોટો ઉતારી શકે છે.

દોડતી ગાડી, ઉડતું પક્ષી, વીગેરેનો સહેલાઈથી ફોટો લઈ શકાય છે. એમાં શીખવાની કડાકુટ નથી.

હમે ખરીદનારને તેની સંપુર્ણ રીત ઘેર બેઠે શીખવી શકીએ છીયે. ઘણા લોકો આ કેમેરા રૂપીઆ ૧૦ થી ૧૫ સુધી વેચે છે.

પણ તેની ખરી કીંમત માત્ર રૂ. ૩) છે અને પોસ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું.

છોટાલાલ છગનલાલ મહાજન.

ઠે૦ ઠાકુરદ્વાર રોડ, મુંબઈ.

ચૈત્ર સુદ ૩ તા. ૨૪-૩-૦૯—બુધ અસ્ત પૂર્વમાં; આ પક્ષમાં વાયુ તેજ અને કાંઇક ઠંડ વધારે પડશે; રૂમાં વૈશાખ શુદિ ૯ સુધીમાં રૂા. ૧૦) ની વધઘટ જરૂર થાય ચાહે તો તેજી થાઓ કે મંદી થાઓ. દિવસ ૩ પછી એવરેજ મંદ થશે. ગયે વર્ષે પણ બુધ અસ્ત પૂર્વમાં આ પક્ષમાં જ થયો હતો પરન્તુ રાશિ કુમ્ભપર નહિં પણ મેષપર હતી.

ચૈત્ર સુદ ૪ તા. ૨૫-૩-૦૯—કૃત્તિકા નક્ષત્ર; આ દિવસે રૂમાં રૂા. ૨-૩ ની મંદી થવાનો યોગ છે. વિલાયતથી પણ રૂનો તાર મંદીનો આવશે અને ૧૦ દિવસમાં પ્રજામાં આનંદ ઉત્સાહ થશે.

ચૈત્ર સુદ ૫ તા. ૨૬-૩-૦૯—આ દિવસે આકાશ વાદળાંવાળું હોય તો ઘઉંની શ્રાવણમાં તેજી થાય. આવો જ યોગ સંવત્ ૧૯૬૨ ના વર્ષમાં પણ હતો અને ત્યારે તેનું ફળ બરાબર મળ્યું હતું.

ચૈત્ર સુદ ૭ તા. ૨૮-૩-૦૯—મિથુનનો ચંદ્રમા; દિવસ ૩-૪ માં રૂની તેજી થશે તથા વિલાયતથી પણ ભાવ તેજ આવશે.

ચૈત્ર સુદ ૧૦ તા. ૩૧-૩-૦૯—મકરનો મંગળ; દોઢ માસમાં ઘી, તેલ, તેજ; ધાન્ય મંદ; અને લોકોને પીડા થશે. આવરેજના અફીણમાં રૂા. ૪૦ તેજી થશે અને માળવાના અફીણમાં પણ તેજી થવાની આશા રહે છે. ૨-૩ દિવસમાં રૂ માં કાંઇક મંદી થાય કારણ કે ક્રૂર ગ્રહ મંગળે રાશી ચાર કરી છે. (સં. ૧૯૬૨ માં કારતક સુદ ૧૩ અને સં. ૧૯૬૪ માં આસો વદ ૯ ને દિવસે મગળ આ રાશિપર આવ્યો હતો.)

ચૈત્ર સુદ ૧૫ તા. ૫-૪-૦૯—આ દિવસે સોમવાર હોવાથી શુભ છે. સંવત્ ૧૯૬૩ માં પણ આજ વાર હતો.

ચૈત્ર માસનો સાર—ચૈત્ર સુદિ પક્ષમાં ચન્દ્રમા દ્વિતીયાને દિવસે ઉદય પામ્યો છે અને પૂનમ સોમવતી છે તે શ્રેષ્ઠ છે. સુદિ ૫ થી આકાશમાં સૂ. સુ. શ. બુ. એ ચાર ગ્રહ એકત્ર થયા છે તે ઠીક નહિં પરન્તુ અસ્ત થવાથી ફળ થોડું મળશે. લાલ વસ્તુ અને ઘી આગલા માસમાં તેજ થવાનો યોગ થયો છે, આવરેજમાં સુદ ૨ થી ૭ સુધીમાં કાંઇક મંદી અને પછી ૧॥ માસ સુધીમાં રૂા. ૫૦) તેજી થશે. માળવાના અફીણની તેજી આગલા માસમાં થવાની આશા રહે છે. પવન જોરથી ફુંકાશે. ગુરૂ વક્રીગત પોષ માસથી થએલો છે જેનું શુભ ફળ આ માસ સુધી રહેશે, ઇત્યાદિ.

તદ્દન દેશી વનસ્પતિમાંથી જ બનાવેલું સ્વદેશી

પેનડીસ્ટ્રોયર.

વિલાયતી પેનકીલર કરતાં સસ્તું અને સારૂં.

આ દવાના ચાર આના ખરચ કરવાથી ગરીબ થઇ જવાતું નથી. તે પ્રત્યેક માણસે પોતાની પાસે જરૂર રાખવુંજ જોઇએ કારણ કે એ ઓચિંતા થતા રોગ ચુંક, અપચો, ઉલક, દસ્ત, કોલેરા જેવા દુષ્ટ રોગ, ખોટા ઓડકાર વીગેરે દરદોને એકજ વખત ૩૦ થી ૪૦ ટીપાં દવા એક અધોળ ઠંડા પાણીમાં નાંખી પીતાની સાથેજ આરામ કરે છે. એટલે રોગ વધી જવાનો સંભવ રહેતા નથી તેમ અર્ધી રાત્રે વૈદ કે ડાકટરને બોલાવી બે ચાર રૂ. નો ખર્ચ બચતા શરીર તંદુરસ્ત થઇ જાય છે. કીમત રૂ. ૦-૪-૦ ટપાલ ખર્ચ જુદું. ડઝન ૧ ના રૂ. ૨-૧૨-૦ વી. પી. થી મોકલવામા આવશે. સરટીફીકેટો—ઘણાં ઘણાં છે પણ આ ઠેકાણે તે લખી નકામ જગ્યો રોકવી તે કરતા ફકત એકજ વખત મંગાવી અનુભવ જોવા વિનંતી છે.

મીડ વાઇફ સોનાબાઇની

સ્ત્રી દુઃખ નિવારણ દવા.

શ્વેત. પ્રદર, લોહીવા, પેડુમાં થતો દુખાવો બેચેની, અટકાવ સાફ ન આવવો, છોડ, ગર્ભસ્થાનનું ખસવું, રૂતુનું અનિયમીત આવવું વિગેરે સઘળી જાતનાં સ્ત્રીઓનાં દરદોને ઝટ આરામ કરે સારો ફાયદો આપે છે. એની બરોબરી બીજી કોઇ પણ દવા નથી. કિંમત રૂ. ૧-૦-૦ ટપાલ ખર્ચના રૂ. ૦-૪-૦

મીડ વાઇફ સોનાબાઇ. ચાંદોદ, ડીસ્પેનસરી—રેવાકાંઠા.

હરસનો અકસીર મલમ તથા દવા.

આ દવાથી અંદરના તથા બહારના ગમે તે જાતના મસા તુરત મટી જાય છે ને તેની અસહ્ય વેદના ભોગવવી પડતી નથી. કિંમત બન્ને દવાનો રૂ. ૧-૮-૦ પોષ્ટ ખર્ચ જુદું.

તાવની રામબાણ ગોળીઓ.

રોજનો, એકાંતરીઓ, ચોથીઓ વિગેરે સઘળી જાતના તાવને ઝટ આરામ કરે છે, રૂ. ૧ ની ગોળી ૪૦.

ટીપ—અમારી બનાવેલી સઘળી દવાઓનો ફાયદો અમારા લખ્યા મુજબ ન થાય તો પૈસા પાછા આપવામાં આવશે. વધુ હકીકત માટે અરધા આનાની ટીકીટ મોકલી પ્રાઇસલીષ્ટ મંગાવી જોવું.

ડાકટર કેશવરામ આતમારામ.
મેડીકલ ઓફીસર—ચાંદોદ ડીસ્પેનસરી.
પોષ્ટ ચાંદોદ—રેવાકાંઠા.

સૂચના—ચૈત્રી પંચાંગ પ્રમાણે ગુજરાતી પંચાંગમાં દરેક માસના પખવાડીઆમાં ફેર આવે છે. ગુજરાતી ચૈત્ર માસનું બીજું પક્ષ-કૃષ્ણ પક્ષ તે ચૈત્રી વર્ષના વૈશાખ માસનું પહેલું પક્ષ ગણાય છે અને ગુજરાતી વૈશાખ માસનું પહેલું પક્ષ-શુક્લ પક્ષ તે ચૈત્રી વર્ષના વૈશાખ માસનું બીજું ક્ષ ગણાય છે. ગુજરાતી માસ અમાવાસ્યાએ પૂરો થાય છે, ત્યારે ચૈત્રી જોધપુરા માસ પૂર્ણિમાએ પૂરો થાય છે. આ કારણથી દરેક તિથિની સાથે અમે અંગ્રેજી તારીખ આપી છે. આ ભાવીફળમાં જોધપુરી પંચાંગ પ્રમાણેજ પક્ષો આપ્યાં છે અને તેથી ગુજરાતી વાંચનારાઓએ દરેક માસમાં ઉપર સૂચવેલો ફેરફાર સમજી લેવો.

વૈશાખ માસ. સં. ૧૯૬૬.

વૈશાખ માસમાં પાંચ મંગળવાર આવ્યા છે તે શુભ નથી. તેથી અગ્નિ કોપ અધિક; જગતમાં ભય; વર્ષાનો ક્ષય અને ધાન્યમાં તેજી થાય છે; પરંતુ આ માસમાં બુધવાર પણ પાંચ ગણાય છે તેથી ઘી, ગોળ, ખાંડ આદિ રસ તેજ થશે.

વૈશાખ વદ ૪ તા. ૯-૪-૦૯—રેવતિનો શનિ; રાજાના આશ્રિત પુરૂષ, ક્રૌંચ દ્વીપના નિવાસી તથા યવનોને પીડા-કષ્ટ તથા શરદઋતુની ખેતીનો નાશ થશે. અન્નના ભાવમાં તેજી; વરસાદની તાણ અને નદીના તટના દેશોમાં દુર્ભિક્ષ-દુષ્કાળ પડશે. સાજી, અડદ, મગ તેજ અને તંબાકુનો ભાવ પણ સાધારણ તેજ થશે

વૈશાખ વદ ૭ તા. ૧૨-૪-૦૯—ઘણું કરીને ચંદ્રમા જ્યારે ધન રાશિપર આવે છે ત્યારે રૂમાં તેજી થાય છે. મેષની સંક્રાન્તિ જ્યેષ્ઠ વદિ ૭ સુધી; તલ, તેલ, ખાંડમાં તેજી; બ્રાહ્મણોને કષ્ટ; જંગલમાં વિચરનારાઓને ભય; નેત્ર તથા અતિસાર રોગનો પ્રકોપ; ચોખા તથા મગની દાળમાં તેજી; રૂ મલમલ, જગન્નાથી, ચાંદી, કથીર, ૫ટકડીમાં તેજી અથવા એના વ્યાપારમાં ભય; કસ્તુરીના વ્યાપારીઓને પીડા થશે. વાર ચન્દ્ર; કપાસ, સુતર, કાપડ, ગોળ, ઘી, તલ, તેલમાં તેજી; ભયનો નાશ; તાંબુ અને લાલ વસ્તુઓમાં મંદી; તિથિ ભદ્રા તે શુભ નથી. રાત્રિમાં પ્રવેશ શુભ છે; ગાવા-નાચવાનો ધંધો કરનારને પીડા; ધાન્ય તથા ઘાસનો ભાવ સામાન્ય રહેશે.

ખરો પરોપકાર !

રૂ. ૧) માં ૧૦૦૦ થી ૨૦૦૦ આશિર્વાદ !

હરેક ઠેકાણે —::— વેચાય છે.

જસમાઈનની વીંછીની દવા--ગમે તેવો ઝેરી વીંછી માત્ર બેજ મિનિટમાં ઉતરી જાય છે. સ્વાર્થ સાથે પરમાર્થ કરો. ૧ પુડી ૧૦-૨૦ માણસપર ચાલે છે. રૂા. ૧) ની પુડી ૧૦૦, રૂ. ০।।= ની ૫૦.

જસમાઈનની તાવની દવા--રોજીંદો, આંતરીયો, ગમે તેવો ઝેરી તાવ ત્રણજ પુડીથી જાય છે, તાવથી ગએલી શકિત પાછી લાવે છે. રૂા. ૧) ની પુડી ૧૦૦, રૂા. ০।।= ની ૫૦.

"જસમાઈન ઈંડીયા એજન્સી."

ઠાકુરદ્વાર રોડ—મુંબઈ.

મૃગશિર પ્ર. નો રાહુ } બે માસ ચાર દિવસ રહેશે આ યોગ સં.
જ્યેષ્ઠા તૃ. નો કેતુ. } ૧૯૨૮ ના માહ વદ ૫ ને દિવસે હતો.
તેથી લાખ, ઉન, તલ, જુવાર, ગળી મેથી અને ચણામાં તેજી થશે.

વૈશાખ વદ ૮ તા. ૧૩-૪-૦૯—શ્રવણનો મંગળ; દિવસ ૨૦ માં ઘઉં તેજ થશે. અફીણ, ધાતુ, તલ અને જવ તેજ થશે.

વૈશાખ વદ ૯ તા. ૧૪-૪-૦૯—મેષનો બુધ; મોતી અને જવાહીરાત તેજ થશે.

વૈશાખ વદ ૧૦ તા. ૧૫-૪-૦૯—મેષનો શુક્ર; દિવસ ૨૩ માં ધાન્યમાં તેજી અને પશુઓને પીડા થશે, એ સાધારણ યોગ છે. સૂ૦ બુ૦ શુ. એકત્ર દિવસ ૧૫ માં; વર્ષા કમી અને વાયુનું જોર થશે.

વૈશાખ વદ ૧૩ તા. ૧૭-૪-૦૯—શનિ ઉદય; દિવસ ૪ પછી આવરેજ તેજ અને રૂની મંદી થશે. મગ, સાજી, લસણ, ચોખા વગેરે પણ તેજ થશે. (સં. ૧૯૩૬ માં વૈશાખ વદ ૧૦ ને દિવસે આ રાશિ પર શનિ ઉદય થયો હતો.)

વૈશાખ વદ ૦)) તા. ૨૦-૪-૦૯—આ દિવસે મંગળવાર છે તે શુભ નથી. ગયે વરશે રવિવાર હતો, અશ્વિની નક્ષત્ર છે, તેથી વર્ષ મધ્યમ થશે. ગયે વર્ષ પણ એજ નક્ષત્ર હતું.

વૈશાખ સુદ ૧-૨ તા. ૨૧-૪-૦૯—બુધવાર; દિવસ ૨૦ માં આવરેજ તથા ચાંદીમાં વધ-ઘટ થશે, ચાહે તો તેજી થાઓ કે મંદી થાઓ. પણ લેણ દેણ કરનારાઓને હાનિ થશે નહિ, ચન્દ્ર ઉદય; મગ, મઠ, ચણા વગેરે કઠોળમાં તેજી થશે,

વૈશાખ સુદ ૩ તા. ૨૨-૪-૦૯—આ દિવસે અખાત્રીજ ને ગુરૂવાર તો પૂર્ણ ઘડી છે પરંતુ રોહિણી ૨૯ ઘડી પછી આવવાના કારણથી પહેલાં વર્ષ કાંઇક મધ્યમ થઇને પછીથી સારૂં થશે. ધાન્યની ઉત્પત્તિ પણ અધિક થશે. આ દિવસે રાત્રે જંગલમાં શિયાળ બહુ શબ્દો કરે તો સુધાવૃષ્ટિ થાય અને બિલકુલ શબ્દ ન કરે તો કાળ પડે.

વૈશાખ સુદ ૭ તા. ૨૬-૪-૦૯—સૂર્ય ભરણીપર રહેતાં જો વરસાદ થઇ જાય અને કૃત્તિકાપર રહેતાં ન થાય તો અનાવૃષ્ટિ અને ધાન્યનો નાશ થાય. દિવસ ૧૫ માં અનાજમાં કાંઇક તેજી થાય. ભરણીનો શુક્ર; જેઠ સુદ ૧૦ સુધી ગાયોમાં પીડા અથવા ઘીમાં તેજી અને ચોરોનો નાશ થાય. રૂમાં સાધારણ મંદી થશે. બુધ ઉદય પશ્ચિમમાં; એક માસમાં ગૌ આદિ પશુઓને કષ્ટ; અન્ન, રાઇ અને મસુરમાં તેજી; રાજા પ્રજા

સુધી; અરબસ્તાનમાં યુદ્ધની કાંઈક શંકા; વરસાદ કમી થશે. રૂમાં રૂા. ૧૦) મંદી થશે. દિવસ ૭ પછી આવરેજ ઘટશે.

વૈશાખ સુદ ૯ તા. ૨૯-૪-૭૯—વૃદ્ધિ ૯; આવરેજ કાંઈક મંદ થશે; ગયે વર્ષે પણ આ તિથિ વધી હતી. વૃષનો બુધ; એક માસમાં આવરેજમાં રૂા. ૭૫) તેજ થવાનો યોગ છે.

વૈશાખ સુદ ૧૪ તા. ૪-૫-૭૯—માર્ગી ગુરૂ; ચીનો ભાવ તેજ થશે; ચોખામાં મંદી થશે; ધનિષ્ટાનો મંગળ; ૨૦ દિવસમાં ઘઉં, મગ, સાર્ઇ અને જવમાં તેજી થશે.

વૈશાખ માસનો સાર—આ માસમાં મંગળ અને બુધ પાંચ વાર ૨ છે; શુકલ પક્ષમાં એક તિથિ તૂટી છે પરન્તુ સાથે ૯ વધી છે તે ઠીક છે. મેષ રાશિપર સૂ૦ શુ૦ એકત્ર રહેલા છે જેથી પવન જોરથી વાશે તથા મેષ રાશિના પદાર્થ તથા જેના જન્મ લગ્ન મેષ હશે એને પીડા થશે. સુદ ૫ ને શનિવાર સારો નથી. કરિયાણામાં તેજી અને રોગાદિનો ઉપદ્રવ થસે. રૂમાં વદ ૧૦ થી થોડા દિવસમાં કાંઈક મંદી થાય ખરી. આવરેજમાં રૂા. ૫૦) તેજ તથા ચાંદીમાં વધ ઘટ અને ધાન્યમાં કાંઈક તેજી થાય. મેષની સંક્રાંતિ શુભવારમાં પ્રવેશ પામી છે તે શ્રેષ્ટ છે.

જયેષ્ઠ માસ. સં. ૧૯૬૬.

આ માસમાં ગરમી બહુ પડે અને પવન બહુ વાય તો સુવૃષ્ટિ થાય અને લોક સુખી થાય.

જયેષ્ઠ વદ ૧ તા. ૬-૫-૦૯—ગુરૂવાર છે તેથી વરસાદ ઘણો થાય અને ધાન્ય ધન બહુ પેદા થાય. ઘેર ઘેર ઉત્સવ થાય.

જયેષ્ઠ વદ ૨ તા. ૭-૫-૦૯—રેવતી દિ૦ નો શનિ; દિવસ ૪૦ માં ગોદાવરી નદીની આસપાસમાં ધાન્ય તેજ થાય.

જયેષ્ઠ વદ ૫ તા. ૧૦-૫-૦૯—કૃત્તિકાપર સૂર્ય; આજથી જયેષ્ઠ સુદ ૫ સુધીના ૧૫ દિવસોમાં વિજળી પણ ચમકે તો સુભિક્ષ થાય અને જો વળી વરસાદ થાય તો પછી શું બાકી રહે ? આ દિવસોમાં હજામ, કુંભાર, અર્બુર, ઉમરાવોને પીડા તથા અળસી, તલમાં સાધારણ તેજી થાય. વૃષનો શુક્ર; આ ગ્રહ અસ્ત છે તેથી રાશિપરનું વિશેષ ફળ થશે નહિ. બુ૦ સૂ૦ શ૦ દિવસ ૭ એકત્ર રહે, તેથી રૂ, ચાંદી, અને અફીણમાં ફેરફાર થાય.

જ્યેષ્ઠ વદ ૮ તા. ૧૩-૫-૦૯—વૃષની સંક્રાન્તિ આષાઢ વદ ૧૧ સુધી; ગોળ, ઘી, આદિ રસ અને કપાસમાં કાંઇક તેજી થશે. બાળકોને કષ્ટ. લાલ રંગ, લાલ વસ્તુ અને હાથીદાંતમાં તેજી તથા એના વ્યાપારમાં પીડા. ઉંદર આદિ પ્રાણીઓનો ઉપદ્રવ અને ધાન્યનો ભાવ સાધારણ તેજ થશે. વાર ગુરૂ; પીળી વસ્તુમાં મંદી અને ધાન્યમાં મંદી થાય પરંતુ ૧૫ મુહૂર્તિ હોવાથી તેજીનો યોગ થઇ રહ્યો છે. માહેન્દ્ર મંડલ; રોગ, પીડા અધિક. પયભક્ષણ, રસ તેજ થાય તથા નોટનો ભાવ કાંઇક તેજ થાય. સૂ૦ ચં૦ શુ૦ બુ૦, રૂમાં તેજી થવાનો યોગ થયો છે પરંતુ શુક્ર સાથે હોવાથી ૨૨ દિવસ પછી ફળ આવે.

જ્યેષ્ઠ વદ ૯-૧૦ તા. ૧૪-૫-૦૯—આવરેજમાં મંદી અને ઘીમાં તેજી થશે. ૧૦ ઘટી.

જ્યેષ્ઠ વદ ૧૧ તા. ૧૫-૫-૦૯—કુમ્ભનો મંગલ; ૫૨ દિવસમાં સઘળા ધાન્યમાં તેજી થાય; પ્રજા સુખી, લોક સુખી અને ભય રહિત થાય. કુંભ રાશિપર એક મંગળ જ છે તેથી આવરેજમાં મંદી થવાનો યોગ છે. મંગળ આ રાશિપર રહેતાં સુધી રૂા. ૫૦) મંદી થશે. (ગત સં. ૧૯૬૨ ના પોષ સુદી ૮ અને સં. ૧૯૬૪ ના કારતક સુદી ૧૫ પર મંગળ આ રાશિનો હતો.)

જ્યેષ્ઠ વદ ૦)) તા. ૧૯-૫-૦૯—આ દિવસે સાંજે સૂર્ય અસ્ત થતાં જોવો અને જ્યેષ્ઠ સુદિ ૨ ને દિવસે ચન્દ્ર અસ્ત થતાં જોવો; જો ચન્દ્ર સૂર્યના અસ્તસ્થાનની ઉત્તરમાં અસ્ત થાય તો સુભિક્ષ અને દક્ષિણમાં અસ્ત થાય તો દુર્ભિક્ષ તથા એજ સ્થાનપર (સૂર્યની ઉપર) જ અસ્ત થાય તો મધ્યમ વર્ષ સમજવું. આ યોગથી સુભિક્ષ દુર્ભિક્ષનો સારો નિર્ણય કરી શકાય છે. વળી વિશેષતઃ વરસાદ કેટલો થશે, વધારે થશે કે ઓછો થશે તેનો ઠીક નિશ્ચય કરી શકાય છે. ગયે વર્ષે ચંદ્ર સૂર્યના સ્થાનની ઉત્તરમાં અસ્ત થયો હતો અને સંવત ૧૯૬૨ માં દક્ષિણમાં અસ્ત થયો હતો.

આ માસના સુદી પક્ષમાં વરસાદ થાય તે શ્રેષ્ઠ નથી. તેથી પાછળનો મેઘ ગણી જાય છે. જ્યેષ્ઠ સુદિ પક્ષમાં ચન્દ્ર શુક્રવારે ઉદય પામે તો અફીણમાં રૂા. ૫૦) તેજ રહે અને રૂમાં પણ તેજી થાય; કિન્તુ જો ગુરૂવારે ઉદય થાય તો આવરેજ મંદ રહે. આ કારણથી આ ચંદ્રોદય જોઇ લેવો.

જ્યેષ્ઠ સુદ ૫ તા. ૨૪-૫-૦૯—રોહિણીપર સૂર્ય; જ્યેષ્ઠ માસમાં રોહિણીના સૂર્યમાં ચારે પાયા તપતા નીકળે-ગરમી બહુ પડે-તો વર્ષા કાળમાં ચારે માસમાં બહુ વરસાદ પડે, કિન્તુ એ દિવસોમાં ગરમી ન પડે તાં વિજળી વા વર્ષા થાય તો પહેલાં વરસાદની તાણુ બહુજ પડે. દિવસ ૧૫ ની અંદર સરસવનો ભાવ તેજ થાય.

જ્યેષ્ઠ સુદ ૮ તા ૨૭-૫-૦૯—શુક્ર ઉદય પશ્ચિમમાં છે, એથી વરસાદ તો અધિક થાય, કિન્તુ ધાન્ય તથા ઘાસ કમ થશે. ધાન્યની મંદી થાય અને રાજા પ્રજા સુખી થાય. જ્યેષ્ઠ માસમાં વરસાદ અધિક થાય, દુધ-દહીં ઘી સસ્તાં થાય અને ધાન્યની મંદી થાય. આષાઢ માસમાં પાછળથી સારો વરસાદ થાય. સૌરાષ્ટ્રમાં પીડા થાય, મારવાડમાં ભય થાય; કપાસ, તલ, સુતરમાં તેજી થાય. લગભગ ૧॥ માસમાં રૂમાં રૂા. ૧૫) તેજ થાય, પરંતુ વચમાં મંદીના યોગોથી મંદી પણ રહેશે. ૩ દિવસ પછી આવરેજ મંદ રહીને તેજ થશે. આ દિવસોમાં રજપૂતાના, પંજાબ અને માળવામાં વાદળાં આદિ થશે.

જ્યેષ્ઠ સુદ ૧૨ તા. ૩૧-૫-૦૯—બુધ અસ્ત પશ્ચિમમાં વૃષ રાશિપર; ચોપગાંઓની પીડા; વરસાદની ખેંચ અને ૩ દિવસ પછી આવરેજ મંદ અને ૧૫ દિવસમાં રૂમા રૂા. ૧૦ મંદ રહેવાનો યોગ છે.

જ્યેષ્ઠ સુદ ૧૪ તા. ૩-૬-૦૯—મિથુનનો શુક્ર; દિવસ ૨૫ માં પવન બહુ વેગથી ચાલશે અને રૂમાં કાંઇક મંદી રહેશે. સૂ૦ રા૦ એકત્ર દિવસ ૧૨ સુધી રહેશે તેથી રૂ તેજ થશે, પરંતુ બુધના અસ્તથી મંદીનો પણ યોગ છે. ત્યાર પછી મંદી થશે તથાપિ બજાર જોઇને વ્યાપાર કરવો. ચંદ્રમાનું ગ્રહણ છે તેથી ખરીફની ખેતીને હાનિ થશે. જ્યેષ્ઠ માસમાં ગ્રહણ થવું તે સાધારણ ગણાય છે.

જ્યેષ્ઠ સુદ ૧૫ તા. ૪-૬-૦૯—પૂર્ણિમાની વૃદ્ધિ થવી શ્રેષ્ઠ છે જેથી ધાન્યમાં મંદી થશે. ગયા વર્ષમાં ફાગણ સુદી પુનમ વધી હતી.

જ્યેષ્ઠ માસનો સાર—આ માસમાં ગુરૂ અને શુક્રવાર પાંચ છે તથા વદીમાં તો તિથિનો ઘટાડો તથા સુદીમાં વધારો થવો એ શ્રેષ્ઠ યોગ છે; એથી ઘણું કરીને ધાન્યમાં મંદી થાય છે. વદ ૮ ઉપર સૂ૦બુ૦શુ૦રા૦ ચાર ગ્રહ એકત્ર થયા છે. સંક્રાંતિ શુભ વારમાં પ્રવેશ થઇ છે પરંતુ ૧૫ મુહૂર્ત્તિ છે તે શ્રેષ્ઠ નથી. જ્યેષ્ઠ સુદિ ૧૦ ને શનિવાર છે તે અનાવૃષ્ટિ, ગાયોમાં પીડા અને રોગાદિનો ઉપદ્રવ કરનાર છે, પરંતુ એ સાધારણ યોગ

છે. શુક્રનો ઉદય આ માસમાં થશે એ સારો યોગ છે. એથી કેટલેક સ્થાને વરસાદ થશે. આવરેજ પહેલાં થોડા દિવસ તેજી રહીને પછી મંદ થશે. રૂની મંદી થાય પરંતુ શુક્રના અસ્તથી તેજી થયા કરે છે; એથી બજારની રૂખ જોઈને વ્યાપાર કરવો. ચંદ્રગ્રહણ પ્રથમ પૂનમને ગુરુવારને દિવસે ગ્રસ્તાસ્ત થશે અને કેટલેક સ્થાને ખગ્રાસ પણ દેખાશે એથી પીળી વસ્તુ, તાંબું, સીસું, ગોળ, તેલ અને કાળી વસ્તુનો સંગ્રહ કરવાથી ચાર માસ પછી લાભ થશે. ચાંદીની મંદી થશે; વચ્ચે વચ્ચે થોડી તેજી થતી રહેશે પણ એકંદરે તો મંદીજ રહેશે.

આષાઢ માસ. સંવત્ ૧૯૬૬.

પાંચ શનિવાર હોવાથી રોગાદિનો ઉપદ્રવ થાય. આ પક્ષમાં બે તિથિનો ક્ષય થયો છે. ઘણે વર્ષે આવો યોગ આવેલો છે. તેર દિવસનો પક્ષ એ શાસ્ત્રોમાં બહુ અશુભકર્ત્તા માનેલ છે; પરંતુ વાસ્તવિક રીતે આ માસ અશુભ નથી. જો શુક્લ પક્ષ ૧૩ દિવસનું હોય તો તે અશુભકારક છે; પણ કૃષ્ણ પક્ષમાં તિથિનો વિશેષ ક્ષય થાય તો શુભસૂચક છે. એથી રૂ(મા રૂ. ૭) ની મંદી થશે.

આષાઢ વદ ૨ તા. ૫-૬-૦૯—આ દિવસે મૂળ નક્ષત્ર છે તેથી અતિવૃષ્ટિ અથવા અનાવૃષ્ટિથી પહેલીવાર વાવેલા બીજનો નાશ થશે. શનિવાર છે તે પણ શ્રેષ્ઠ નથી.

આષાઢ વદ ૩ તા. ૬-૬-૦૯—આ દિવસે પૂર્વાષાઢા નક્ષત્ર તો શુભ નથી કિન્તુ રવિવાર શ્રેષ્ઠ છે; તેથી સંવત્ મધ્યમ થાય. પરંતુ આ દિવસે વરસાદ થાય તો સારૂં વર્ષ થાય.

આષાઢ વદ ૪ તા. ૭-૬-૦૯—મૃગશિરપર સૂર્ય; ૧૫ દિવસ સુધીમાં જોરથી વાયુ વાય; આંધીઓ બહુ ચડે, અને લૂ વાય તો નિશ્ચય સુભિક્ષ થાય. આ દિવસોમાં કાપડ, મોતી, સુગન્ધિ, ફળ, વગેરેમાં તેજી થાય.

આષાઢ વદ ૬ તા. ૯-૬-૦૯—શુક્ર દ્વિતીય મંડળમાં પ્રવેશ કરેલ છે તે શ્રાવણ વદ ૧૦ સુધી રહેશે. એથી સુવૃષ્ટિ થશે.

આષાઢ વદ ૮ તા. ૧૧-૬-૦૯—આ દિવસે રાત્રિમાં ચન્દ્રમા ઉદય પામે ત્યારે નિર્મળજ હોય તો દુર્ભિક્ષ પડે અને વાદળાંમાં ઉદય પામે તો સુભિક્ષ પડશે. વાદળાં સફેદ હોય તો ઉત્તમ અને કાળાં હોય તો મધ્યમ સંવત્ થાય.

આષાઢ વદ ૧૦ તા. ૧૩–૬–૦૯—રેવતી ૧૦ મે શનિ બે માસ સુધીમાં વિંધ્યાચળના પૂર્વના દેશોમાં કષ્ટ ઉંદરનો ઉપદ્રવ અધિક; શિલ્પી, નટ, ભાટ આદિકોને પીડા થાય. આગળ ૨ માસ સુધી રૂ, ઘી અને ચાંદીમાં તેજીના વક્ર ચલનનો યોગ છે. ૫૦ દિવસમાં રૂ, ઘી, સોનું અને હાથીદાંતમાં તેજી થાય

આષાઢ વદી ૧૧ તા. ૧૪–૬–૦૯—ચંદ્રવાર; મિથુનની સંક્રાંતિ પ્રથમ શ્રાવણ વદિ ૧૩ સુધી; સર્વ રસ, સુતર, લીલાં વસ્ત્ર, ગળી, તેજ થાય; ગળીનાં વસ્ત્ર પહેરનારાઓને તથા વ્યાપાર કરનારાઓને પીડા થાય; બાળકોમાં રોગનો ઉપદ્રવ અધિક થાય; બળદોને પીડા થાય; પશુ પક્ષીઓને દુઃખ અને ચંદનના વ્યાપારમાં વધઘટ બહુજ થાય. દક્ષીણ દેશમાં પીડા થાય, ધાન્યમાં મંદી થાય, વ્યાપારની વૃદ્ધિ થાય; લોહાદિ ધાતુ અને કાળી કપડામાં તેજી થાય; ધાન્ય, ઘાસ તથા રસના ભાવ મધ્યમ રહે. સું૦ શુ૦ એકત્ર હોવાથી દિવસ ૧૪ માં પવન જોરથી વાય; અને ચારોળીની તેજી થાય.

આષાઢ વદ ૧૨ તા. ૧૫–૬–૦૯—તલ, ટેલ, એરંડી, અળસી, સરસીયું, રૂ, સુતર, અને કાપડમાં તેજી થાય. બુધનો ઉદય પૂર્વમાં; રૂની તેજીનો યોગ થયો છે તેથી પહેલાં કાંઈક મંદી રહીને પછી તેજી થશે.

આષાઢ સુદ ૨ તા. ૧૯–૬–૦૯—શનિવાર હોવાથી શુભ નથી. પુનર્વસુનો શુક્ર હોવાથી ધાન્યની તેજી થાય, એ સાધારણ યોગ છે.

આષાઢ સુદ ૪ તા. ૨૧–૬–૦૯—આર્દ્રા પર સૂર્ય, આજથી તા. ૫ મી જુલાઈ સુધી વા બહુજ વાય તો અનાવૃષ્ટિ થાય પણ જો વરસાદ આદિ થાય તો સુભિક્ષ થાય. આ વર્ષે આર્દ્રાપર સૂર્ય દિવસે પ્રવેશ થયો છે તે સારો નથી, તેથી વરસાદની તાણ, ખેતીનો નાશ અને રોગાદિનો ઉપદ્રવ થાય. સોમવાર સુભિક્ષકારક છે અને ચતુર્થી તિથિ અશુભ છે. વ્યાઘાત યોગ અશુભ છે. નક્ષત્ર અને ચંદ્રમાના હોવાથી વરસાદની તાણ પડે, વરસાદ સર્વત્ર એક પ્રમાણમાં નહિ થાય. આ સર્વ ફળ દક્ષિણના દેશોમાં વિશેષ મળશે.

આષાઢ સુદ ૫ (દ્વિતીય) તા. ૨૩–૬–૦૯—વૃદ્ધિ પાંચમ હોવાથી ત્રણ દિવસમાં આવરેજ થશે.

આષાઢ સુદ ૯ તા. ૨૭–૬–૦૯—૨૪ દિવસ સુધીમાં વરસાદની કાંઈક તાણ રહે; યોગ સાધારણ છે. શુક્રની આગળ ગુરૂ છે તેથી એક માસમાં રૂ, ચાંદીમાં તેજી થાય. કાપડપર પણ તેની અસર થશે.

આષાઢ સુદ ૧૫ તા. ૨-૭-૦૯—સુભિક્ષ કે દુર્ભિક્ષ વર્ષે તથા ધાન્યાદિની તેજી મંદી અને વરસાદ જાણવાનો આ એક અંતિમ અને નિશ્ચય દિન છે. આ દિવસનો પવન, વાદળાં, વરસાદ વગેરેથી શુભાશુભ ફળ પૂર્ણ રીતે જાણવામાં આવે છે. આખા વર્ષમાં ગ્રહોનો યોગ અશુભ પણ હોય; પરંતુ આ દિવસ આષાઢી પૂર્ણિમા સારી હોય તો ગ્રહોનું ફળ કાંઈ થતું નથી.

આષાઢ માસનો સાર—કૃષ્ણ પક્ષમાં ૧૩ દિવસ છે. આષાઢની પહેલી તિથિ અને ૧૪ નો ક્ષય થયો છે અને સુદ ૫ વધી છે જે યોગ ધાન્યની મંદી કરનારો છે. ચંદ્રમા શનિવારે ઉદય પામ્યો છે પરંતુ ઉભો ઉદય થાય તો વધારે સારો. આ માસના પાછળના દિવસોમાં ચાંદી, અળસી, રૂ, અફીણ કાંઈક તેજ થશે. મિથુન સંક્રાંતિનો યોગ સાધારણ રીતે સારો છે.

પ્રથમ શ્રાવણ માસ. સં. ૧૯૬૬.

પ્ર. શ્રાવણ વદ ૨ તા. ૪-૭-૦૯—પુનર્વસુ પર સૂર્ય; દિવસ ૧૫ માં મગ, મઠ, એરંડ, મસુર, હરડે, ગળી, કાંઈક તેજ થાય. પવન જોરથી ચાલે. સપ્ત નાડી ચંદ્રમા જળ નાડીપર સૂ૦ શુ૦ અને ચં૦ એકત્ર થએલા છે, એથી ઘણે સ્થાને સુવર્ષા થશે; આ યોગ આષાઢ સુદ ૧૨ થી જ થએલો છે પરન્તુ ચદ્રમા હવે એકત્ર થએલો છે; તેથી આ દિવસોમાં વરસાદ થવાનો યોગ છે. મીનનો મંગળ; આવરેજની મંદી ને પછથી તેજી થવાનો યોગ છે. ચોપગાં પશુઓને પીડા અને ધાન્યમાં કાંઈક તેજી થાય. ભાદરવા સુદ સુધીમાં ધાન્યમાં કાંઈક તેજી, દુર્ભિક્ષનો ભય અને પર ખંડમાં કાંઈક યુદ્ધની આશંકા થાય. માળવાના અફીણની તેજી થાય.

પ્ર. શ્રાવણ વદ ૫-૬, તા. ૮-૭-૦૯—છઠનો ક્ષય, આવરેજની કાંઈક મંદી થઈને પાછળથી તેજી થાય. રૂમાં તેજી થવાનો આ યોગ છે. પરંતુ આ યોગનો ભરોંસો રહેતો નથી.

પ્ર. શ્રાવણ વદ ૧૩ તા. ૧૫-૭-૦૯—કર્કની સંક્રાન્તિ દિ૦ શ્રાવણ સુદી ૧ સુધીમાં; પવન જોરથી વાય; નેત્ર તથા અતિસારના રોગનો ઉપદ્રવ થાય; જંગલમાં વસનારાઓને ભય થાય; પીળી વસ્તુની મંદી થાય; ધાન્યમાં તેજી થાય; અને ઉંદરનો ઉપદ્રવ થાય; ગુરૂવાર શુભ છે પરંતુ મકર સંક્રાંતિનો પણ એ વાર છે. ધાન્યમાં તેજી થાય.

પ્ર. શ્રાવણ સુદ ૧ તા. ૧૮-૭-૦૯—રવિવારે ચંદ્રોદય: રૂમાં વધઘટ થાય; આવરેજમાં કાંઈક મંદી થાય; અગસ્તમા સુતો ઉદય પામે તેથી શુભિક્ષ થાય.

પ્ર. શ્રાવણ સુદ ૨ તા. ૧૯-૭-૦૯—પુષ્પ પર સૂર્ય; નક્ષત્ર બન્ને ચંદ્રનાં; અવર્ષા; વાયુ જોરથી વાય; વાદળાં વગેરે થાય.

પ્ર. શ્રાવણ સુદ ૫ તા. ૨૨-૭-૦૯—સિંહનો શુક્ર; ૧ાા માસ સુધીમાં વર્ષાની તાણ પડે; ધાન્યમાં તેજી થાય; પશુઓમાં પીડા થાય; શુક્ર પશ્ચિમ દિશામાં છે. ગુરૂ શુક્ર ૧૭ દિવસ સુધી વર્ષા કાળમાં એકત્ર થએલ છે, તેથી બહુ વૃષ્ટિ અથવા મનુષ્યોમાં પીડા થાય. રૂમાં રૂ. ૧૦ તેજી થાય. આવરેજમાં પણ કાંઈક મંદી રહે.

પ્ર. શ્રાવણ માસનો સાર—આ માસમાં પાંચ રવિવાર છે તે ઠીક નથી. કૃષ્ણ પક્ષનો ક્ષય થયો છે તે સારૂં થયું છે; શ૦ મં૦ એકત્ર થયા તેથી વર્ષાની તાણ પડવાનો યોગ થયો છે, જ્યારે બે ગ્રહ વક્ર થશે ત્યારે પુરૂં ફળ મળશે. શુક્ર પશ્ચિમમાં મઘાદિ પંચ નક્ષત્રો પર છે તે ધાન્યની તેજી કરે છે. પરસ્પર દ્વેષ રાખનારા ગુ૦ શુ૦ એકત્ર થયા છે તેથી પણ વ્યાપારાદિમાં ફેરફાર કરનારો યોગ છે. આવરેજ તથા માળવાની તેજી રહેવાનો યોગ છે તેથી પહેલાં કાંઈક તેજી થશે. અને પછી સુદી પક્ષના પ્રારંભમાં મંદી રહીને પછી તેજી થઈ જશે. રૂમાં સુદીના ૫-૭ દિવસ પછી તેજીની રૂખ થશે. કર્ક સંક્રાંતિનો યોગ સાધારણ ઠીક છે, મહીનાના પ્રારંભના દિવસોમાં વરસાદ થશે અને પછી પવન ફુંકાશે. સુદીમાં પણ કહીં કહીં વરસાદ પડશે.

દ્વિતીય શ્રાવણ માસ. સં. ૧૯૬૬.

દ્વિ. શ્રાવણ વદ ૧ તા. ૨-૮-૦૯—અશ્લેષાપર સૂર્ય, વાર શુભ છે. ૧૫ દિવસમાં સરસવની કાંઈક તેજી થાય. ૩-૪ દિવસમાં વાદળાં થાય.

દ્વિ. શ્રાવણ વદ ૪ તા. ૫-૮-૦૯—શનિ વક્રી મીન રાશિપર થયો છે, એનું ફળ શુભ નથી. દુર્ભિક્ષનો ભય, મનુષ્યોને પીડા અને રોગાદિનો ઉપદ્રવ થયાં કરે. આ યોગ માગસર વદ સુધી રહેશે. ગોળ, ખાંડ, તેલ, ચંદન, મસુર, ચણા, કપાસ, ઘઉં, અળસી, સરસવ વગેરેની તેજી થવાનો સંયોગ છે. વળી બીજા કેટલાક મંદીના યોગ હોવાથી મંદી પણ રહેશે. શાસ્ત્રમાં શનિનું વક્રી થવું શાસ્ત્રમાં સારૂં માન્યું નથી, પણ આ વર્ષે દ્વિ. શ્રાવણમાં થવાથી એનું અશુભ ફળ થશે નહિ.

દ્વિ. શ્રાવણ વદ ૮–૯ તા. ૯–૮–૦૯—૮ નો ક્ષય; આશરે ૩ દિવસ મંદા રહેશે. શુ૦ શુ૦ બુ૦ ૮ દિવસ સુધી એકત્ર; આ દિવસોમાં રજપૂતાનામાં સુવૃષ્ટિ થવાનો યોગ છે.

દ્વિ. શ્રાવણ વદ ૦)) તા. ૧૫–૮–૦૯—એ માસમાં સણસીયું, તેલ, રાઇ, મરી તેજ થાય તથા રૂની પણ તેજી થાય. પરન્તુ શુ૦ બુ૦ ગુ૦ નો યોગ કન્યા પરનો છે જેથી મંદી પણ થાય, તેથી બજારની રૂખ જોઇને વ્યાપાર કરવો.

દ્વિ. શ્રાવણ સુદ ૧ તા. ૧૬–૮–૦૯—સિંહની સંક્રાંતિ ભાદરવા વદ ૧૨ સુધીમાં; રસમાં તેજી થાય; સુગંધીવાળા પદાર્થો મોંઘા થાય; ફકીરોને પીડા, ગાડીથી આજીવિકા કરનારાઓને કષ્ટ; ખેતી કરનારાઓને ભય; ધાન્યની પાછળથી મંદી થશે. મંગળની વક્રી આસો સુદ સુધી રહેશે તેથી દુર્ભિક્ષનો ભય રહે; લાલ વસ્તુમાં તેજી થાય; ભય આદિ અશુભ ફળ મળે. ધાન્ય, ઘી મોંઘા તથા મીનરાશીની વસ્તુમાં તેજી થાય. ૪૦ દિવસ સુધી ઘઉં અને ખાંડ તેજ રહે. આ માસમાં બે પાપ ગ્રહ શનિ અને મંગળ મિન રાશિપર વક્રી થયા છે તે શુભ નથી. શાસ્ત્રમાં એનું ફળ ખરાબ લખ્યું છે, કન્યાનો શુક્ર હોવાથી ૨૬ દિવસમાં ખેતીમાં કાંઇક હાની થશે અને એ રાશિપર શુભ ગ્રહ હોવાથી રૂની રૂખ મંદીની રહેશે.

દ્વિ. શ્રાવણ સુદ ૨ (દ્વિતીય) તા. ૧૮–૮–૦૯—બીજની વૃદ્ધિ; આશરે તેજ થશે. સમનાડીમાંની ૨ નાડીપર ગ્રહ હોવાથી વાદળાં થશે. ચાંદી અને દાણામાં મંદી થશે, મોતી પણ સસ્તાં થશે.

દ્વિ. શ્રાવણ સુદ ૫ તા. ૨૧–૮–૦૯—બુધ ઉદય પશ્ચિમમાં; રૂની મંદી થશે. પશુઓમાં કષ્ટ પેદા થશે; શ્રાવણમાં બુધના ઉદયથી અશુભ ફળ થાય છે; પરંતુ દ્વિતીય શ્રાવણમાં હોવાથી સાધારણ ફળ થશે.

દ્વિ. શ્રાવણ સુદ ૯ તા. ૨૫–૮–૦૯—શુ૦ બુ૦ એકત્ર; ૭ દિવસમાં અફીણની મંદી થશે; સૌમ્ય નાડીપર શુ૦ ગુ૦ હોવાથી વર્ષાનું મંડાણ થશે.

દ્વિ. શ્રાવણ સુદ ૧૧ તા. ૨૭–૮–૦૯—દુન્દુભી સંવત્સર ૫૬, સુભિક્ષ; સર્વે સુખી; પૂર્વમાં ખેતીની હાની; ઉપદ્રવ સહિત વરસાદ થાય; ભાગ્ય એટલે ૧૨ ના યુગમાં પહેલું વર્ષ દુન્દુભી છે જેથી ખેતીમાં બહુજ વૃદ્ધિ થાય છે.

દ્વિ. શ્રાવણ સુદ ૧૪ તા. ૩૦–૮–૦૯—પૂ૦ ફા૦ પર સૂર્ય; વાર

શુભ, એક માસમા અશીણુ-ચાંદીમાં વધ-ઘટ થાય; લેણુ દેણુ કરનારાઓને લાભની આશા રહે.

ભાદ્રપદ માસ. સં. ૧૯૬૬.

આ માસમાં પાંચ બુધવાર છે, તે રસની તેજી કરનારો યોગ છે.

ભાદ્રપદ વદ ૧-૨ તા. ૧-૯-૦૯—૨ નો ક્ષય; ધાન્યની કાંઈક મંદી થાય અને અશીણુમાં ૩ દિવસમાં કાંઈક તેજી થાય. કન્યાનો ગુરૂ; સુભિક્ષ રાને સુવૃષ્ટિ થાય; પ્રત્યેક ધાન્યની ઉત્પત્તિ અધિક થાય; કહીં કહીં અગાડ પણ થાય; ધાન્યનો ભાવ મંદ રહે; પ્રજનમાં રોગની વૃદ્ધિ અધિક રહે; પશુઓને પીડા થાય; જુવાર, મગ, ચોખા, ઘી, તેલ, સીંધોડાં ૬ માસ પછી અધિક તેજ થાય; અશીણુ પણ પાછળથી તેજ થાય. રૂનો પહેલાં સંગ્રહ કરીને પછી ૩-૪ માસમાં વેચવાથી લાભ થાય. ચાંદીની પણ કાંઈક મંદી થશે. જ્યાં સુધી આ રાશિપર ગુરૂ રહેશે અર્થાત્ આ માનથી સં. ૧૯૬૭ના ભાદ્રપદ સુધીમાં, રૂની વકી મંદીની ચાલશે પરન્તુ આ વર્ષે વૃષનો રાહુ પણ છે, જે તેજી કર્યા કરે છે. તેથી વચમાં વચમાં તેજી પણ થશે. વ્યાપારી ઇતિહાસથી નિશ્ચય થાય છે કે પાછલાં વર્ષોમાં આ બન્ને યોગનું ફળ બરાબર મળ્યું હતું. ગુરૂ જ્યારે કન્યા રાશિપર સં ૧૯૪૨ અને ૧૯૫૪માં આવ્યો ત્યારે રૂની બહુ મંદી રહી હતી; તેમજ રાહુ પણ વૃષ રાશિપર ૧૯૨૮ અને ૧૯૪૭માં આવ્યો ત્યારે રૂની તેજી થઈ હતી. આ વર્ષ એ બન્ને પ્રબળ યોગ એક સાથેજ થયા છે બુ૦ગુ૦શુ૦એ ત્રણે ગ્રહ કન્યા રાશિપર એકત્ર થયા છે, તેથી રૂના એક માસમા મંદી રહેશે. આ રાશિપર શુભ ગ્રહ હોય તેજ રૂની મંદી કરનારો યોગ છે રજપૂતાનામાં વરસાદ થશે.

ભાદ્રપદ વદ ૪ તા. ૩-૯-૦૯—ગુરૂ અસ્ત; એક માસમાં ધાન્યમાં મંદી થાય; સુભિક્ષ, ક્ષેમ અને લોકપીડા થાય. રૂની રૂખ મંદીની થશે; ૩ દિવસ પછી અશીણુમાં પણ મંદી થશે. સં. ૧૯૫૪માં પણ ગુરૂ આ માસમાં અસ્ત થયો હતો. રજપુતાનામાં વાદળાં થશે.

ભાદ્રપદ વદ ૬ તા. ૫-૯-૦૯ અગસ્ત્ય ઉદય ઘડી ૨૮. રવિવાર હોવાથી ખેતીને હાનિ થાય.

ભાદ્રપદ વદ ૧૩ તા. ૧૨-૯-૦૯—ઉ. ફા. પર સૂર્ય, દિવસ ૧૫ સુધી જુવાર કપાસમાં કાંઈક તેજી થાય, એરંડી, મઠ, મગ, મસુર પણ મોંઘા

થાય. બુ૦શુ૦ચં૦ એકત્ર થયા છે, તેથી કોઇ કોઇ સ્થાનપર ૫–૭ દિવસમાં વૃષ્ટિ થશે. એક માસમાં ઘી, ગોળ, પીંપરમૂળ, મોતી, ખાંડમાં તેજી થાય.

ભાદ્રપદ સુદ ૨ તા. ૧૬–૯–૦૯—એક માસમાં ગાયોમાં પીડા થાય તથા ઘીમાં પણ કાંઇક તેજી થાય, ચંદ્રોદય હોવાથી ગાયો અને બ્રાહ્મણોને પીડા થાય. કન્યાની સંક્રાન્તિ આસો સુદ ૨ સુધીમાં હોવાથી પશુ પક્ષીઓને પીડા થાય, ખેતીને હાનિ થાય, અનાજમાં મંદી થાય, સર્વ રસમાં તેજી થાય, આસમાની પદાર્થમાં તેજી થાય અને તેના વ્યાપારમાં ભય થાય. પીળી વસ્તુમાં મંદી થાય. ઘીમાં તેજી થાય. રૂમાં પણ કાંઇક તેજી થાય.

ભાદ્રપદ સુદ ૭ તા. ૨૧–૯–૦૯—કન્યા રાશિપર બુધ વક્રી થયો છે, તેથી ધાન્ય નિશ્ચય એક વાર મંદ રહેશે. ઘણે વર્ષે મંદીના આ યોગ આવ્યો છે. વ્યાપારી ઇતિહાસથી નિશ્ચય થાય છે કે જ્યારે જ્યારે આ યોગ બન્યો ત્યારે ત્યારે સઘળાં અનાજ મંદ રહ્યાં હતાં.

ભાદ્રપદ સુદ ૮ તા. ૨૨–૯–૦૯—પુનઃ કુમ્ભનો મંગળ; આવરેજમાં ફેરફાર થઇને જરૂર ઘટ–વધ થશે.

ભાદ્રપદ સુદ ૧૦ તા. ૨૪–૯–૦૯—પ્રાયઃ પશ્ચિમમાં બુધનો અસ્ત થવાથી રૂમાં મંદી થયાં કરે છે. ૩ દિવસ પછી અફીણમાં મંદી થશે. ચોર આદિનો ભય અને વરસાદ થાય.

ભાદ્રપદ સુદ ૧૨ તા. ૨૬–૯–૦૯—ઘી, ચોખા, જવ અને મૂળ તથા તુષવાળા અનાજ જુવાર, રાઇ, મેથીમાં સાધારણ તેજી થશે.

આશ્વિન માસ. સં. ૧૯૬૬.

આશ્વિન વદ ૪ તા. ૩–૧૦–૦૯—ગુરૂ ઉદય; સુભિક્ષ થાય, ધન ધાન્યની વૃદ્ધિ થાય; ભાવ મંદ તથા સર્વ લોક સુખી થાય. આશ્વિન માસમાં ઉદય થયો છે તે સારો યોગ થયો છે, કન્યારાશિ હોવાથી બાળકો તથા ગણિતજ્ઞાનિને પીડા થશે. સં. ૧૯૬૪ માં આશ્વિન સુદી ૧ ને દિવસે ઉદય થયો ત્યારે મુંબઇમાં બરૂચી રૂનો ભાવ ૧૮૭નો હતો તે ઘટીને વર્ષના અંતમાં ૧૬૦ સુધી થયો હતો. ઉદય થવાથી આવરેજની તેજી થાય છે પરંતુ ૬ ઘટી છે જેથી ૩ દિવસમાં મંદી થાય છે.

આશ્વિન વદ ૫ તા. ૪–૧૦–૦૯—વૃશ્ચિકનો શુક્ર ધાન્યની મંદી કરનારો યોગ છે.

આશ્વિન વદ ૧૨ (પ્રથમા)—તા. ૧૦-૧૦-૦૯—ચિત્રાપર સૂર્ય હોવાથી ૧૦ દિવસમાં રસ, નાળીએર અને તલમાં કાંઇક તેજી થાય, આશ્વિન માસમાં બુધનો ઉદય પૂર્વમાં થયો છે, તેથી કપાસની પેદાશ અધિક થાય, ધાન્યની મંદી થાય, કાપડની મંદી થાય અને લોક સુખી થાય.

આશ્વિન સુદ ૧ તા. ૧૫-૧૦-૦૯—આ માસમાં ચંદ્રમા શુક્રવારે ઉદય પામ્યો હોય તો સર્વ વસ્તુમાં તેજી થાય અને અફીણમાં રૂ ૫૦)ની તેજી થાય. આનો નિશ્ચય ચંદ્રમાનો ઉદય જોઇનેજ કરવો કારણ કે પંચાંગોમાં ઘણીવાર ફરક પડે છે.

આશ્વિન સુદ ૨ તા. ૧૬-૧૦-૦૯—તુલની સંક્રાંતિ; કારતક સુદ ૨ સુધીમાં ધાન્યની મંદી; ઘી-તેલ, રસમાં તેજી; કપાસ અને ઘાસના ભાવ નીચા બેસે; ગધાડાંનો નાશ થાય; કુંભાર, ધોબીને પીડા થાય; વૈષ્ણવોને કષ્ટ; અગ્નિકોપ અધિક; સુતર-કાપડમાં તેજી થાય; શનિવાર હોવાથી સરસીયમાં તેજી થાય; કારતક વદ૦)ને પણ આ વાર છે તેથી મૃત્યુસંખ્યામાં વૃદ્ધિ થાય; ચાંદી, હીરા, તાંબું તેજ થાય; પવન બહુ ફુંકાય. એ માસમાં તલ, તેલ, જવ, મગ, રાઇ, મસુર, ચોખા, ઘઉં મઠ વગેરેમાં તેજી થાય; યોગ સાધારણ છે.

આશ્વિન સુદ ૫ તા. ૧૯-૧૦-૦૯—હસ્તનો ગુરૂ; ગોળ, ખાંડ, સાકર, ઘી, મોતી મંદ રહે, જે વસ્તુઓનો પહેલો અક્ષર 'થ' હોય તે સૌ આ યોગથી મંદ રહે.

આશ્વિન સુદ ૯ તા. ૨૩-૧૦-૦૯—સ્વાતિપર સૂર્ય; ૧૫ દિવસમાં ચપડા લાખ અને ગુગળમાં સાધારણ તેજી થાય.

આશ્વિન સુદ ૧૩-૧૪ તા. ૨૭-૧૦-૦૯—માર્ગી મંગળ હોય ત્યારે રૂની મંદી થયાં કરે છે.

કાર્ત્તિક માસ. સં. ૧૯૬૬.

આ માસમાં પાંચ ગુરૂ અને પાંચ શુક્રવાર છે, તે શુભ છે; પરંતુ કૃષ્ણ પક્ષમાં તિથિ વધી છે અને શુકલ પક્ષમાં ઘટી છે, તે ધાન્યની તેજી કરનારો યોગ છે. વદ ૫ મે આર્દ્રા છે, તેથી ઘાસનો સંગ્રહ કરે તો આગળ લાભ થાય.

કાર્ત્તિક વદ ૩ તા. ૩૧-૧૦-૦૯—ધનનો શુક્ર; એક માસમાં રૂની ખેતીમાં હાની થશે.

કાર્તિક વદ ૪ તા. ૧-૧૧-૦૯—તુલનો બુધ; પવનનું જોર અને ટાઢિયો તાવ વગેરેનો પ્રકોપ થાય.

કાર્તિક વદ ૮ તા. ૫-૧૧-૦૯—વિશાખાપર રવિ; દિવસ ૧૫ માં અર્ધણુ, તલ અને ધાતુમાં સાધારણ તેજી થાય.

કાર્તિક વદ ૧૨ તા. ૯-૧૧-૦૯—મીનના મંગળમાં આવરેજ તેજ થયાં કરે છે. અને પશુઓને પીડા થાય છે. એ યોગ બે માસ સુધી રહેશે. પહેલાં આ યોગ આ વર્ષમા શ્રાવણથી ભાદ્રપદ સુધીમાં થયો હતો, ત્યારે શનિ સાથે હતો અને અત્યારે પણ શનિ સાથેજ છે. તે વખતે વર્ષા કાળ હતો તેથી વરસાદ અને ધાન્યની તેજી મંદી ઉપર વિશેષ પ્રભાવ પડયો, પરંતુ આ સમયે મોસમ વીતી જવાથી એટલો પ્રભાવ પડશે નહિ.

કાર્તિક વદ૦)) (પ્રથમા)તા. ૧૨-૧૧-૦૯—આગલું વર્ષ શુભ; ધાન્ય મંદ; લોક સુખી થાય; શુક્રવાર શુભ છે. આ દિવસે દીવા પ્રથમ પુર્વ, અગ્નિકોણ, પશ્ચિમ. વાયવ્ય ના ઉત્તરમાં કરવા; કિન્તુ દક્ષિણ, નૈઋત્ય વા ઇશાનમાં ન કરવા કારણ કે એ દિશાઓમાં કરવાથી હાનિ થાય છે; લક્ષ્મી પુજનનું મુહૂર્ત્ત સાયંકાળનું છે.

કાર્તિક વદ ૦)) (દ્વિતીયા) તા. ૧૩-૧૧-૦૯ વૃદ્ધિ અમાવાસ્યા કૃષ્ણ પક્ષમાં તિથીની વૃદ્ધિ સારી નથી અને અમાવાસ્યાની વૃદ્ધિ તો બિલકુલ અનિષ્ટ છે. બુધનો અસ્ત પૂર્વમાં હોવાથી ૧॥ માસમાં ધાતુમાં તેજી થાય અને રૂમાં વધઘટ થાય. ૩ દિવસ પછી આવરેજમાં મંદી થાય.

કાર્તિક સુદ ૧ તા. ૧૪-૧૧-૦૯—રવિવારે ચંદ્રોદય; સર્વ વસ્તુઓમા મંદી; ૨૦ દિવસમાં આવરેજમાં પણ મંદી થશે.

કાર્તિક સુદ ૨ તા. ૧૫ ૧૧-૦૯—વૃશ્ચિક સંક્રાંતિ માગસર સુદ ૩ સુધીમાં; સોમવાર શુભ છે; ધાન્યની મંદી થાય.

કાર્તિક સુદ ૫ તા. ૧૮-૧૧-૦૯—ગુરૂવાર શ્રેષ્ઠ છે. અનુરાધાપર સૂર્ય હોવાથી ૧૫ દિવસમાં ધાતુ, રસ અને ધાન્યમાં સાધારણ તેજી થશે.

કાર્તિક સુદ ૬-૭ તા. ૧૯-૧૧-૦૯—સાતમનો ક્ષય; ત્રણ દિવસમાં આવરેજમાં તેજી થાય.

કાર્તિક સુદ ૮ તા. ૨૦-૧૧-૦૯—ઉ. ભા. પર મંગળ; એક માસમાં સુગંધી પદાર્થોમાં તેજી થાય.

માગશર માસ. સં. ૧૯૬૬.

આ માસમાં પાંચ રવિવાર છે. " તો ભય ઉપજે સકળ જન; નહિં બહુ સુખની આશ " એવું તેનું ફળ કહ્યું છે. વૃષ્ટિ પ્રબોધમાં લખ્યું છે કે જો માગશર માસમાં ગાજે તથા વિજળી ચમકે તો આગળનું વર્ષ સુકાળ નીવડે છે. વદ ૩ ને અર્દ્રા નક્ષત્ર છે જે ધાન્યની મંદી તથા રાજા-પ્રજાને સુખી કરનારો યોગ છે. વદ ૫ ને જ્યેષ્ઠા પર રવિ આવ્યો છે જેથી ચાંદી દિવસ ૧૫ માં સાધારણ રીતે તેજ થાય. વદ ૧૨ શુક્ર પાંચમા મંડળના અંતિમ નક્ષત્ર શ્રાવણપર આવ્યો છે જેથી ૧૫ દિવસમાં ઘઉંમાં કંઇક મંદી થાય. વદ ૦)) ને શુભ વાર નથી. સુદિ પક્ષમાં તીથી ૧૨ ઘટી છે. ધાન્યમાં તેજી થાય તથા સુદ ૧૨ થી આવરેજમાં કાંઇક મંદી થાય.

બુધનો ઉદય પશ્ચિમમાં સુદ ૨ ને દિવસે થયો છે જે રૂ. ૧૦ની રૂમાં મંદી કરે છે. પરંતુ માગશર માસમાં ઉદય થવાથી રૂની તેજી થાય છે એથી વધઘટ થાય; અગ્નિદાહનો ઉપદ્રવ થાય; ઘી-તેલ, ધાન્યમા તેજી થાય અને એ દિવસોમાં ઠંડ કાંઇક ઓછી થશે.

સુદી ૩ ની ધનની સંક્રાંતિનો યોગ બન્યો છે, તે પોષ સુદી ૨ સુધી રહેશે. આ યોગ સારો છે. બુધવાર છે જે ધાન્યની મંદી કરનાર છે. રોગની કાંઇક વૃદ્ધ થશે અને કાપડમાં તેજી રહેશે.

શનિનું માર્ગી થવું એ રૂની મંદી કરનારો યોગ છે. એ ફળ એક માસમાં મળે. આ માસમા કોઇ પ્રબળ યોગ નથી; પણ આગળ બનેલા યોગોનું ફળ આ માસમાં વિશેષ થશે.

પોષ માસ. સં. ૧૯૬૬.

પોષ વદ ૨ તા. ૨૮-૧૦-૦૯—પૂ. ષા. પર સૂર્ય; દિવસ ૧૫ માં ચણા, દાણા, કપાસિયા, ખાંડ અફીણ કેસર આદિ સાધારણ રીતે તેજ થશે.

પોષ વદ ૮ (દ્વિતીયા) તા. ૪-૧-૧૦—આઠમ વધી છે તેથી આવરેજ ૩ દિવસમાં તેજ થશે.

પોષ વદ ૦)) તા. ૧૧-૧-૧૦—આ દિવસે પૂર્વાષાઢા નક્ષત્ર અને મંગળવાર છે તે શુભ નથી; તેથી ભાવી વર્ષમાં દેશના ઉત્તર પશ્ચિમમાં અકાળ પડવાની સંભાવના થાય છે. ધાન્યનો સંગ્રહ કરે તો આગળ ૯ ગણુ માસમાં લાભ થાય.

ચંદ્રમા સુદ ૧ ને બુધવારે ઉદય થાય છે તેથી ચાંદીમાં ઘટ વધ થશે. સંક્રાંતિ મકરની સુદ ૨ ને ગુરૂવારની બેસે છે તે સાધારણ છે.

ધાન્યનો ભાવ કાંઈક મંદ રહીને આગળ કાંઈક તેજ થશે. પીળી વસ્તુ તેજ રહેશે. બ્રાહ્મણને કષ્ટ થશે. સુદ ૨ ને મંગળ જે મેષ રાશીપર આવ્યો છે તેથી ૧ા માસમાં આવરેજમાં રૂ. ૫૦ ની તેજી થશે. ૧૫ દિવસમાં તલ, જુવાર અને ઉનમાં કાંઈક તેજી થશે. અહીં સ૦ મં૦ જુદા જુદા થઈ ગયા છે તેથી માળવાના અફીણનો તેજીનો યોગ મટી જશે. સુદ ૬ ઘટી છે તેથી દિવસ ૪ માં આવરેજ અને રૂમાં કાંઈક તેજી થાય. આ દિવસે બુધ પશ્ચિમમાં અસ્ત પામ્યો છે જે દિવસ ૧૫ માં રૂમાં રૂ. ૧૦ની મંદી કરે છે. રસ–કસ કાંઈક તેજ થશે. આ માસમાં કોઈ જબરો યોગ નથી. સુદી પક્ષમાં બુધ અને શુક્ર વક્રી થયા છે તેથી ધાન્યની મંદી થશે. તિથિ કૃષ્ણ પક્ષમાં વધી છે અને શુક્લમાં ઘટી છે તે સારો યોગ બન્યો નથી. સ૦ મં૦ અલગ થઈ જવાથી આગળ માળવાના અફીણમાં ફેરફાર થશે.

માહ માસ. સં. ૧૯૬૬.

આ માસમાં જે દિવસે પવન, વાદળ, વીજળી, ગાજ અથવા ૩૦ દોકડાથી કમ વરસાદ થાય, તો ૬ા માસ પછી (૧૯૬૭ના ચોમાસામાં) એજ તિથીએ અવશ્ય વરસાદ થાય.

માહ વદ ૬ તા. ૩૧–૧–૧૦—ગુરૂ વક્રી; સર્વ ધાન્ય, રસ, ગોળ, તલ, તેલ, કપાસ, મીઠું, અને ભેંશ જેવાં પ્રાણીઓનો સંગ્રહ કરે તો ૬ઠ્ઠા માસની અંદર સારો લાભ થાય. ૧૫ દિવસમાં કપાસિયા, પટસુત્ર. લાખ, ચણા, સુતર, કાપડ, જવ અને ચાંદીની મંદી થાય. માળવાના અફીણમાં કાંઈક તેજી થાય. અહીં બુ૦ ગુ૦ અને શુક્ર એ ત્રણે શુભ ગ્રહ વક્રી છે તેથી ધાન્યની અવશ્ય મંદી થાય. શુક્ર અસ્ત પશ્ચિમમાં; વ્યાપારમાં બહુ લક્ષ્મી દિન ૧૫ માં; બીજી મંદી; ધાન્યમાં પહેલાં કાંઈક તેજી થઈને પછી મંદી થશે. ૭ માસ પછી ચાંદીમાં તેજી થાય અને કહીં કહીં રોગનો ઉપદ્રવ થશે. પશ્ચિમ દિશામાં અસ્ત થવાનું કારણ રૂમાં રૂ. ૧૫) મન્દ થવા જોઈએ, અને આવરેજમાં દિવસ ૩ માં અથવા ૩ દિવસ પછી સારી મંદી થશે.

માહ વદ ૯ તા. ૩–૨–૧૦—બુધનો ઉદય પૂર્વમાં માહ માસમાં થયો છે, તેથી માવઠાં થશે. કહીં કહીં, પાલો પણ પડી જાય; જ્વરાદિનો પ્રકોપ થાય અને ચોપગાં પ્રાણીઓમાં અનિરોગતા થાય. રૂની તેજી થવાનો

આ[illegible] છે પરંતુ શુક્રના અસ્તથી તથા વક્રી થએલા ગ્રહોના કારણથી રોકાવટ થશે.

માહ વદ ૧૨ તા. ૬-૨ ૧૦—તિથીની વૃદ્ધિ કૃષ્ણ પક્ષમાં આ છે, તે શુભ નથી પરંતુ સાથેજ ૧૪ તીથિનો ક્ષય થયો છે જેથી યોગનું ફળ નેષ્ટ થશે નહિ. વદ ૧૨ થી આ રેંજમાં કંઈક તેજી થશે.

માહ સુદ ૧ તા. ૧૦-૨-૧૦—શુક્રનો ઉદય પૂર્વમાં થયો છે, તેથી સૌ લોક સુખી થાય; બાળકોને પીડા, શીતળાનો ઉપદ્રવ અને ચોખા તેજ થાય. ૩ દિવસ પછી આવરેંજમાં તેજી થાય. પૂર્વ દિશામાં ઉદય થવાના કારણથી રૂમાં પણ તેજી રહેશે. પૂર્વમાં આ નક્ષત્ર પર સં. ૧૯૫૦ ના ફાગણ સુદ ૪ અને સં. ૧૯૫૮ના માહ સુદ ૯ પર ઉદય થયો હતો તે વખતે ઘણું કરીને રૂમાં તેજી થઈ હતી.

માહ સુદ ૨ તા. ૧૧-૨-૧૦—ચંદ્રમા શુક્રવારે ઉગ્યો છે તેથી ચણા, અડદ અને તલમાં તેજી થશે. આવરેંજમાં પણ રૂ. ૫૦ ની તેજી થશે, પણ યાદ રાખવું કે જો ચંદ્રમા એક દિવસ પહેલાંજ ઉગે તો આ લાભ મળે નહિ. કુમ્ભની સંક્રાંતિ ફાગણ સુદ ૨ સુધીમાં; કળથી, અડદ, મગ, તુવેર, તેજ થાય; સંન્યાસી અને વૈસ્યને પીડા થાય. રસનો નાશ થાય. કાપડ તેજ થાય; તથા જુવાર, બાજરી મસુર, જવ ઘઉં, ચણા ઘી, ગોળ, ખાંડ તેલ અને કપાસ પહેલાં મંદ રહીને પછી તેજ થાય શુ૦ શુ૦ યુતિ: આ સમય વર્ષા કાળ નથી તો પણ વાદળાં તો થશે અને રૂમાં ફેરફાર થશે.

માહ સુદ ૪ તા. ૧૩-૨-૧૦—રવિવાર છે, તે શુભ નથી. દુર્ભિક્ષ, ચોર, અગ્નિ આદિનો ભય. ધાન્યાદિનો નાશ એ યોગ સાધારણ છે. વદી પક્ષની પેઠે આ પક્ષમાં પણ ૧૩ નો ક્ષય થયો છે જે નેષ્ટ છે; પરંતુ ૧૪ વધી છે તે શુભ યોગ છે. દિવસ ૩ માં આવરેંજમાં મંદી થશે.

માહ સુદ ૧૫ તા. ૨૪-૨-૧૦—ગુરવાર શુભ છે.

ફાગણ માસ સં. ૧૯૬૬.

શુક્રવાર પાંચ છે તે શુભ છે. સુદ ૧ ને શનિવાર છે અને સુદ ૧૦ ને રવિવાર છે, તેથી આગળના વર્ષમાં રૂ અને ધાન્યમાં તેજી રહેશે.

ફાગણ વદ ૪ તા. ૨૮-૨-૧૦—કૃત્તિકાનો મંગળ; દિવસ ૨૦ માં ઘઉં તેજ થાય.

ફાગણ વદ ૫ તા. ૧-૩-૧૦—મંગળવાર છે, તે આગલા વર્ષને માટે વરસાદની ખેંચ અને અનાજ તેજ થવાનો યોગ છે.

ફાગણ વદ ૬ તા. ૨-૩-૧૦—માર્ગી શુક્ર; દિવસ ૧૫ માં આવરેંજમાં મંદી થશે. હવે અહીં એકલો ગુરૂજ વક્રી રહ્યો છે તેથી ગુરૂની વક્રીનું ફળ ચાલશે.

ફાગણ વદ ૭ તા. ૩-૩-૧૦—પૂ૦ ભા૦ પર સૂર્ય; દિવસ ૧૫ માં ચણા તથા કપાસ તેજ થશે.

ફાગણ વદ ૧૦ તા. ૬-૩-૧૦—વૃષનો મંગળ; એક મા ધાન્ય, ચંદન, કપાસ અને વસ્ત્રમાં તેજી થશે. વ્યાપારી ઇતિહાસપ જણાય છે કે મંગળ વૃષ રાશીપર આવવાથી અફીણ અને આવરેજ મંદ થાય છે; પરન્તુ આ વર્ષે મંગળની સાથે પાપ ગ્રહ રાહુ પણ છે બહુ તેજી કરનારો યોગ છે. તેથી બજારની રૂખ જોઇને વેપાર કર અનુમાને નિશ્ચય થાય છે કે—પહેલાં રૂ. ૪૦) તેજ થઇને પછ. રૂ. ૨ ઘટશે અને પછી રૂ. ૭૦) તેજ થશે.

ફાગણ સુદ ૧ તા. ૧૨-૩-૧૦—ચંદ્રમા શનિવારે ઉદય પામે આવરેજ તેજ ચાલે અને જો રવિવારે ઉગે તો મંદ ચાલે. સુદ ૫ ઘટ છે તે ધાન્યની મંદીને રોકે છે.

ફાગણ સુદ ૨ તા. ૧૩ ૩-૧૦—મીનની સંક્રાંતિનો યોગ સા છે વાર સોમવાર શુભ છે. ધાન્યનો ભાવ સાધારણ મંદ રહેશે ઘી, ગોળ તેલ વગેરે રસ તેજ રહેશે. પશુઓને પીડા થશે. વસ્ત્ર લાલ છે જેથ બાળકોને પીડા અને લાલ વસ્તુ તથા લાલ રંગના કાપડ ાં તેજી થાય અને એના વ્યાપારમાં કષ્ટ થાય. હાથીદાંતમાં તેજી થાય.

ફાગણ સુદ ૧૦ તા. ૨૦-૩-૧૦—શુક્ર છઠા મંડળમાં પ્રવેશ થયો છે, તેથી ધાન્યનો અત્યારે સંગ્રહ કરે તો આગળ જતાં લાભ મળે. શુદ ૧૨ ને દિવસે બુધ મીનનો હોય છે, જે રૂની તેજી કરે છે. ૧૫ દિવસમાં અળસી, મેથી તેજ થાય.

ફાગણ સુદ ૧૫ તા. ૨૫-૩-૧૦—હોળી; શુક્રવાર સારો છે. આ દિવસે પવન પુર્વ, પશ્ચિમ વા ઉત્તર દિશાનો વહે તો સારો, બાકી સર્વ દિશાઓનો હોય તો અનિષ્ટ જાણવો.

ચૈત્ર માસ. સં. ૧૯૬૬.

શનિ અસ્ત; આનું ફળ સં ૧૯૬૭ માં વિશેષ થશે. સં. ૧૯૬૬ના ફાગણ સુદ ૭ ને દિવસે શનિ અસ્ત આ નક્ષત્રના બીજા પાયાપર થયો હતો. ૩ દિવસમાં આવરેજ મંદ રહીને નોટનો ભાવ મંદ રહેશે.

ચૈત્ર વદ ૧૩-૧૪ તા. ૮-૪-૧૦—ચૌદશ ઘટી છે તેથી આવરેજ તેજ થશે. પશ્ચિમમાં બુધનો અસ્ત થયો છે, તેથી આગળ જતાં રૂમાં મંદી થશે, પરંતુ વદ ૦)) ને શનિવાર છે જે તેજી કરનાર છે.

સમાપ્ત.